જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધીતથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૩૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૩૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૨૩૪/૧૯

**રામોલઃ (૧)** નંદકિશોરભાઈ અંબાલાલ પરેવા (રહે.દેવનંદપાર્ક ન્યુ ઈન્ડીયા કોલોની નિકોલ) એ તા.૨૨/૭/૧૯ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ચૈનસિંગ લાધુસિંગ રાઠોડ (રહે. બાયપાસ રોડ સુપર માર્કેટ સામે ચિતોડ તામીલનાડુ) એ રામોલ રામરાજ્યનગર રેવાભાઈનગર દુકાન નંબર-૨૦ ખાતે પ્લાસ્ટીક વેસ્ટ માલ આપવાનુ કહી રૂપિયા ૮,૦૭,૭૦૦/- લઈ જઈ માલ નહી આપી કે પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**રામોલઃ (૨)** રાજુભાઈ દીવાનચંદ સોની (રહે.નમ્ર એપાર્ટમેન્ટ ઈસાનંદ સોસાયટી પાછળ સીટીએમ રામોલ) એ તા.૨૨/૭/૧૯ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશોક શર્મા (રહે.અમરદીપ એપાર્ટમેન્ટ ઠક્કરનગર ચાર રસ્તા પાસે કૃષ્ણનગર) એ અશોક શર્માના ઘરે તેમજ રાજપાટ ટૂ પાર્ટી પ્લોટ ખાતે લગ્ન પ્રસંગમાં જમણવારનો ઓર્ડર આપતા રાજુભાઈ સોનીએ ઓર્ડર પુરો કરી આપતા ઓર્ડરના બાકી રાખેલ નાણા ૫,૯૦,૨૫૦/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૨૩૫/૧૯**

**સાબરમતીઃ** રવિ રમેશભાઈ દવે (રહે. શ્યામવિલા સોસાયટી બલોલનગર ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૧૯ સવારના ૯/૩૦ થી સાજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ પોતાના મકાનમાં પ્રવેશ કરી સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, રિયલ ડાયમંડ બુટ્ટી કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૮ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- સોનાની અંગુઠી નંગ-૩ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- કેમેરો કિમત રૂપિયા ૨૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૮૨,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એચ.વાળા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૨૩૬/૧૯**

**શાહપુરઃ** રશ્મીકાબહેન પંકજભાઈ નાથબાવા (ઉ.વ.૨૬)(રહે.હરિ ઓમ એપાર્ટમેન્ટ વ્યાસવાડી નવા વાડજ) તા.૨૧/૦૭/૧૯ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે શાહપુર પીપળાવાળા ખાચા પાસે મોહન ચેમ્બરના નાકા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રશ્મીકાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રશ્મીકાબહેન નાથબાવાએ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એલ.ધણગણ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૩૭/૧૯**

**વેજલપુરઃ** મો.મુદદસીર સન/ઓફ યુસુફભાઇ કુરેશી (ઉ.વ.૧૮)(રહે. સુમીન રેસીડન્સી સાહિસ્તા ફ્લેટ પાછળ જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૭/૧૯ બપોરના ૪/૦૦ થી રાતના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શૈલેષકુમાર ધીરુભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** હિરેનભાઈ મનુભાઈ ગોંડલીયા (ઉ.વ.૩૫)(રહે.ઈન્દ્રજીત સોસાયટી ડાયમંડ મીલ સામે નિકોલ રોડ ઠક્કરનગર કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૭/૧૯ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદલાલ ભુપેન્દ્રભાઈ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ભાવિકાબહેન પુનમભાઈ પટણી (ઉ.વ.૧૮) (રહે.એમ.એલ.ઓ.ક્વાટર્સ અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૭/૧૯ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર બોમ્બે હાઉસીંગ ખાતે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.